| | | |
|---|---|---|
| રજુ કર્યા તારીખ | : | ૧૯–૦૩–૨૦૨૫ |
| દાખલ તારીખ | : | ૧૯–૦૩–૨૦૨૫ |
| ફેંસલ તારીખ | : | ૦૯– ૦૩ –૨૦૨૬ |
| અવધી : | | વર્ષ, માસ, દિવસ<br>૦૦ ૧૧ ૧૮ |

**સુરેન્દ્રનગરનાં પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ અને એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ.**

**ફોજદારી કેસ નં.૧૦૭૨/૨૦૨૫.**

**આંક :–**

**ફરીયાદી** : સુખદેવભાઈ રમેશભાઈ મકવાણા,
ઉ.વ.આ–૩૫, ધંધો–વાહન લે–વેચની દલાલી,
તથા કેટરર્સ,
રહે. હનુમાન ચોક,
મુ. જોરાવરનગર, તા. વઢવાણ, જી.સુરેન્દ્રનગર.

**વિરૂધ્ધ**

**આરોપી** : પાલવાણી સીમાબેન કુમારભાઈ,
ઉ.વ.આ– ૪૧ ધંધો– સાડીનો તથા ડ્રેસ
મટીરીયલ્સનો વેપાર તથા ઘરકામ,
રહે. રાઠોડ ચાલી, ડી.એન.ટી. હાઈસ્કૂલ પાસે,
મુ. જોરાવરનગર, તા. વઢવાણ,
જી. સુરેન્દ્રનગર.

**ગુન્હો : ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ**

**ફરીયાદી તરફે વિ.વ. શ્રી.સી.પી.ખોખરા.**

**આરોપી તરફે વિ.વ. શ્રી.પી.એચ. વૈષ્ણવ.**

**–:: ઠરાવ ::–**

**ફરીયાદની ટુંકમાં હકીકત::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે, ફરીયાદી ઉપરોકત ફરીયાદમાં જણાવેલ સરનામે રહે છે અને વાહનની લે–વેચની દલાલી

તથા કેટરસને લગતો વ્યવસાય કરે છે. તેમજ આરોપી ઉપરોકત સરનામે રહે છે અને આરોપી ઘરકામ તથા ઘરે ડ્રેસ મટીરીયલ તથા સાડીઓ વેચવાનો ધંધો કરે છે. ફરીયાદી તથા આરોપીના પતિ બન્ને ખાસ મિત્ર હોય તેમજ ફરીયાદી અને આરોપીના પતિ તથા આરોપી વચ્ચે એકબીજાના ઘરે આવવા જવાના પારીવારીક સબંધો હોય જેથી વર્ષોથી એકબીજો સારી રીતે ઓળખે છે અને ભુતકાળમાં આરોપીને આર્થિક જરૂરીયાત ઉભી થતા ફરીયાદીએ આરોપી તથા આરોપીના પતિને અનેકવાર આર્થિક મદદ કરતા હતા.

વધુમાં જણાવે છે કે, ઉપરોકત સબંધના દાવે ઓકટોબર-૨૦૨૪ માં આરોપી ફરીયાદી પાસે આવેલા અને આરોપીએ જણાવેલ કે મારે ડ્રેસ મટીરીયલ તથા સાડીઓની મોટા પાયે ખરીદી કરવાની હોય જેમા રૂા. ૮૦,૦૦૦/- પુરાની જરૂરીયાત હોય જેથી આરોપીએ ફરીયાદી પાસે સદર રકમની માંગણી કરેલ અને આ સમયે આરોપીએ જણાવેલ કે, સદરહું રકમ હું તમોને ડીસેમ્બર-૨૦૨૪ સુધીમાં સદર રકમ પરત ચુકવી આપીશ જેથી ફરીયાદી અને આરોપી બન્ને વચ્ચે વિશ્વાસજન્ય તેમજ પારીવારીક સબંધો હોય જેથી ફરીયાદીએ આરોપીને મદદરૂપ થવાના શુભ આશયથી રૂા.૮૦,૦૦૦ અંકે રૂપિયા એસી હજાર પુરા આરોપી ફરીયાદીએ પોતાની અંગત બચતમાંથી હાથ ઉછીના અંગ ઉધાર રોકડા વગર વ્યાજે આપેલા અને આરોપીએ સ્વીકારેલા.

વધુમાં જણાવે છે કે, ત્યારબાદ આરોપીને આપેલ હાથ ઉછીની રકમ આપ્યાનો સમય પૂર્ણ થતા ફરીયાદીને નાણાંની જરૂરત ઉભી થતા અમારી કાયદેસરની લેણી રકમ પરત માંગતા આરોપીએ કહેલ કે હાલ નાણાની વ્યવસ્થા નથી અને તે બદલ આરોપીએ ફરીયાદીને તેમના એકાઉન્ટમાંથી "સૌરાષ્ટ્ર ગ્રામીણ બેન્ક" જોરાવરનગર શાખાનો ખાતા નં. ૭૮૦૧૦૮૧૭૯૯૭ નો એકાઉન્ટ પેઈ ચેક નં. ૦૩૩૭૧૦ નો તા.૨૩/૧૨/૨૦૨૪ ના રોજ રૂા.૮૦,૦૦૦/- અંકે રૂપિયા એસી હજાર પુરાનો આરોપીએ ફરીયાદી ચેકની તમામ વિગતો ભરી ભરાવી અને સહી કરી ફરીયાદીના કાયદેસરના લેણા પેટે આપેલ.

વધુમાં જણાવે છે કે, આરોપીએ સદરહુ ચેક ફરીયાદીને આપતી વખતે એવુ વચન અને વિશ્વાસ આપેલ કે સદરહુ ચેક કલીયરીંગ માટે તમારા બેન્કના ખાતામાં રજુ કરતા તમોને ચેકની પુરેપુરી રકમ જમા મળી જશે. આમ આરોપીના વચન ઉપર વિશ્વાસ રાખી ફરીયાદીએ અમારા "સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા " રતનપર શાખામાં પોતાના ખાતામાં આરોપીના કહેવા મુજબ સદર ચેક તા.૨૩/૧૨/૨૦૨૪ ના રોજ ચેક જમા કરાવતા જે ચેક તા.૨૪/૧૨/૨૦૨૪ ના રોજ વસુલ થયા વગર કારણ નં. ૧ "FUNDS INSUFFICIENT" શેરા સાથે ફરીયાદીને પરત મળેલ છે અને ચેક મુજબની કાઈ પણ રકમ ફરીયાદીને મળેલ નહી. ત્યાર બાદ સદર ચેક રીર્ટન થયા અંગેની જાણ થતા ફરીયાદીએ આરોપીને રૂબરૂ સંપર્ક કરતા આરોપીએ ફરીયાદીને જણાવેલ કે, હાલ મારે નાણાકીય તકલીફ હોય જેથી સદર ચેક ફેબ્રુઆરી–૨૦૨૫ માં જમા કરાવશો એટલે તમોને ચેક મુજબની લેણી રકમ વસુલ મળી જશે. આમ અમો ફરીયાદી અને આરોપી બન્ને વચ્ચે વર્ષો જુના પારીવારી સબંધ હોય જેથી ફરીયાદીએ રાહ જોયેલ અને ત્યારબાદ સદર ચેક ફરીથી આરોપી ના કહેવા મુજબ ફરીયાદીએ અમારા "સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા" રતનપર શાખામાં પોતાના ખાતામાં આરોપીના કહેવા મુજબ સદર ચેક તા.૧૮/૦૨/૨૦૨૫ ના રોજ ચેક જમા કરાવતા જે ચેક તા. ૧૯/૦૨/૨૦૨૫ ના રોજ વસુલ થવા વગર કારણ નં. ૧ "FUNDS INSUFFICIENT" શેરા સાથે ફરીયાદીને પરત મળેલ છે અને ચેક મુજબની કાઈ પણ રકમ ફરીયાદીને મળેલ નહી. આરોપી ફરીયાદીને ચેક આપતી વખતે એ હકીકત સારી રીતે જાણતા હતા કે આપેલ ચેક રીર્ટન થાશે તે હકીકત આરોપી જાણતા હોવા છતાં ફરીયાદીનો વિશ્વાસઘાત અને છેતરપીડી કરવાના બદઈરાદાથી જાણીબુઝીને આ ચેક આપીને ફરીયાદીનો વિશ્વાસઘાત કરી ફોજદારી ગુન્હો કરેલ છે જેથી આરોપી સામે હાલની આ ફરીયાદ દાખલ ફરજ પડેલ છે.

વધુમાં જણાવે છે કે, આમ આરોપીએ આપેલ ઉપર જણાવેલ ચેકની લેણી રકમ ફરીયાદીને ન મળતા આરોપીએ ફરીયાદીની વ્યવસ્થીત ઢબે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરેલ હોય તેમજ

નેગોશીએબલ ઈનસ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ નો ગુન્હો કરેલ હોય કાયદાકીય પ્રકીયાના ભાગ રૂપે આરોપીને તેમના કાયમી રહેણાક ના સરનામે ગત તા.૨૫/૦૨/૨૦૨૫ ના રોજ અમારા વકીલ મારફત વિગત વાર નોટીસ રજી. એડીથી આપેલ.

ઉપરોકત આરોપીને મોકલાવેલ રજી. એડી. નોટીસ આરોપીને મોકલતા નોટીસ તા.૨૬/૦૨/૨૦૨૫ ના રોજ બજી ગયેલ છે. આમ ફરીયાદી સાથે કોઈ સમાધાનની વાતચીત કરેલ નથી કે ફરીયાદીને ફરીયાદ મુજબની ચેકની લેણી નિકળતી રકમ ચુકવેલ નથી. જેથી નોટીસના દિવસ પંદરની મુદત વિતતા હાલની ફરીયાદ દાખલ કરેલ છે. આમ આરોપીને નોટીસ બજવા છતાં ચેકની રકમ તેણે ન ચુકવતા હાલની ફરીયાદનું કારણ ઉપસ્થીત થયેલ છે.

આ કામના આરોપીને ફરીયાદીએ સબંધ દાવે હાથ ઉછીની આપેલ રકમ પરત ચુકવવા પેટે આપેલ પેરા–૨ ની વિગતવાળો ચેક પેરા–૩ ની વિગતે પરત થયેલ હોય અને કાયદા મુજબ નોટીસ આપવા છતા મુદત વિતવા છતાં ફરીયાદ મુજબના ચેકની રકમ નહી ચુકવીને આ કામના આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ સાથે વાંચતા કલમ ૧૪૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોય તેની સામે કાયદા મુજબ ચેકથી બેવડી રકમનો દંડ કરી તેમજ બે વર્ષની સજા કરી તેમજ અમો ફરીયાદીને ચેકની રકમ વળતર તરીકે અપાવવા અને તે મુજબ ધોરણસર થવા મારી ફરીયાદ છે.

**આરોપીને સમન્સની બજવણી તથા ઈન્સાફી કાર્યવાહી:–**

(૨) ઉપરોકત હકીકતો મુજબ ફરીયાદ દાખલ થતા ગુનાનું સંજ્ઞાન લઈને આંક–૦૧ તળે ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનુ તેમજ **બી.એન.એસ.એસ,૨૦૨૩ ની કલમ–૨૨૭** અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાનો આરોપી વિરુધ્ધ સમન્સ કાઢવાનો હુકમ કરવામા આવેલ હતો. આરોપીને સમન્સની બજવણી થતા તેઓ કોર્ટમાં હાજર થયેલા અને ફરીયાદની નકલ

આરોપીને મળ્યાની ખાતરી કરી**, બી.એન.એસ.એસ., ૨૦૨૩ની કલમ –૨૭૪** મુજબ આરોપીની પ્લી **આંક–૦૮** થી નોંધેલ જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા આ કેસની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ રીતે આગળ ચલાવવામાં આવેલ છે.

**ફરીયાદીએ તેમની હાલની ફરીયાદના સમર્થનમાં રજુ કરેલ પુરાવા ::**

(૩) ફરીયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવા:–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૪ | ફરીયાદી સુખદેવભાઈ રમેશભાઈ મકવાણાનું પુરાવાનું સોગંદનામું |

**દસ્તાવેજી પુરાવા:–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | આરોપીએ ફરીયાદીને આપેલ ચેક | ૧૦ |
| ૨ | પ્રથમ ચેક રીર્ટન મેમો | ૧૧ |
| ૩ | બીજો ચેક રીર્ટન મેમો | ૧૨ |
| ૪ | આરોપીને આપેલ નોટીસ | ૧૩ |
| ૫ | નોટીસ રજી. એડી. કર્યાની પોસ્ટની સ્લીપ | ૧૪ |
| ૬ | એકનોલોજમેન્ટ સ્લીપ | ૧૫ |
| ૭ | ટ્રેકીંગ કન્સાઈન્ટમેન્ટ | ૧૬ |
| ૮ | ફરીયાદીનો ઓળખ અંગેનો પુરાવો | ૧૭ |
| ૯ | ફરીયાદીના બેંક ખાતા નં. ૪૧૨૫૫૮૯૮૫૫૩ નું સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા જોરાવરનાગર શાખાનું તા. ૦૧/૧૦/૨૪ થી તા. ૩૦/૧૦/૨૦૨૪ સુધીનું સ્ટેટમેન્ટ | ૩૦ |

**આરોપીનું બી.એન.એસ.એસની ક.– ૩૫૧ અન્વયે વધારાનું નિવેદન::–**

(૪) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતા ત્યારબાદ બી.એન.એસ.એસ,૨૦૨૩ ની ક.૩૫૧ અન્વયે આરોપીના વિશેષ નિવેદનના તબકકેપણ આરોપીની ગેરહાજરીના કારણે ફરીયાદી તરફથી **આંક–૨૬** થી અરજી આપતા **તા.૦૬/૦૩/૨૦૨૬** ના રોજ આરોપીનો એફ.એસ.નો હકક બંધ કરવાનો હુકમ કરેલ.

(૫) ઉપર મુજબનો ફરીયાદ પક્ષનો પુરાવો રજુ કર્યા બાદ ફરીયાદ પક્ષ તરફે **આંક–૩૧** થી તેઓ વધુ કોઈ પુરાવો આપવા માંગતા ન હોવા અંગેની કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૬) ત્યારબાદ તે ઉપરાંત ફરીયાદીપક્ષે વિ.વકીલ શ્રી.સી.પી.ખોખરાની મૌખિક દલીલો સાંભળી. ત્યારબાદ સદર કામમા આરોપી પક્ષ તરફે **આંક – ૩૪** થી દલીલનો હકક બંધ કરવામાં આવે છે.

(૭) ઉપરોક્ત વિગતે મારી સમક્ષ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી ની આરોપી પાસેથી નીકળતી લેણી રકમ પેટે આરોપીએ ફરીયાદીને આપેલ આરોપીએ ફરીયાદીને આપેલ ફરીયાદવાળો ચેક વણ ચૂકવાયેલ પરત ફરતા ફરીયાદીએ,આપેલ માંગણી નોટીસ અંગે કાયદા મુજબ નિર્ધારીત સમય મર્યાદામાં આરોપીએ ફરીયાદીને રકમ નહી ચૂકવી આપી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દા ઉપર મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૮.૧)** ઉપરોકત નિર્ણય બાબત કારણો નીચે મુજબ છે.

**-:: કારણો ::-**

**મુદ્દા નં.૧ :-**

**(૯)** આ કામમાં આરોપીની સામે અધિનીયમ કલમ-૧૩૮ મુજબના ગુનાનુ તહોમત છે. આરોપી વિરુધ્ધ તહોમત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામા આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની સમાલોચના કરતા પહેલા, અધિનીયમની કલમ-૧૧૮,૧૩૮,૧૩૯ અને ૧૪૨ ના કાયદાકીય પ્રબંધો લક્ષમા લેવા જરુરી છે.

**(૧૦)** અધિનીયમની કલમ-૧૩૮ મા એવી જોગવાઈ કરવામા આવેલ છે કે, ચેક લખાયાની તારીખથી છ માસ અથવા કાયદાએ માન્ય કરેલ હોય તે મુદત બે માંથી જે વહેલી હોય તે મુદતમા ચેક બેન્કમાં રજુ કરવાનો હોય છે. વધુમાં એવી પણ જોગવાઈ કરવામા આવેલ છે કે, ચેક ધારકે તે ચેક વણ ચુકવાયેલ પરત આવ્યાની બેન્ક તરફથી માહિતી મળ્યાના ૩૦ દિવસની અંદર સદર ચેક લખનારને નોટીસ આપી રકમની માંગણી કરેલી હોવી જોઈએ અને નોટીસ મળ્યાના ૧૫ દિવસમા તે રકમની ચુકવણી કરવામા ચેક લખનાર નિષ્ફળ જાય ત્યારપછી નિયત સમયમર્યાદામા ફરીયાદી ગુના સબંધે ફરીયાદ કરી શકે છે. અધિનીયમ કલમ-૧૩૯ મુજબ અન્યથા પુરવાર ન થાય તો ચેક ધારણ કરનારની તરફેણમા અદાલતે તેવુ અનુમાન કરવાનુ રહે છે કે, ચેક ધારણ કરનારે કલમ-૧૩૮ મા દર્શાવ્યા મુજબ તેમના કોઈ દેવાના અથવા અન્ય કોઈ જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામા તે ચેક મેળવેલ હશે.

**(૧૧)** આમ, ફરીયાદીએ મુખ્યત્વે નીચે મુજબની હકીકત પ્રસ્થાપિત કરવી પડે.

(૧) આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાના ચુકવણા પેટે ચેક આપેલ હતો.

(૨) આ ચેક મથાળે દર્શાવેલ તારીખથી છ માસ કે કાયદા મુજબ નિયત સમય મર્યાદા બંનેમાંથી જે વહેલા હોય તે મુદત સુધીમા રજુ કરવામા આવેલ હતો.

(૩) ચેક સ્વીકાર્યા વગર/વણ ચુકવાયેલ પરત ફરેલ હતો.

(૪) ફરીયાદીએ તેઓને ચેક પરત થયાની જાણ થયેથી દીન-૩૦ મા કાયદેસરની નોટીસ આપેલ હતી.

(૫) આરોપીએ નોટીસ મળ્યા છતા દીન-૧૫ મા પરત ફરેલ/વણ ચુકવાયેલ ચેકના નાણા ચુંકવેલ નથી અને સદર દીન-૧૫ બાદ ફરીયાદીએ એક માસમા ફરીયાદ દાખલ કરેલ છે.

**(૧૨)** આ તબકકે નામ.સર્વોચ્ચ અદાલતના નીચે જણાવેલ બે ચુકાદાઓનો ઉલ્લેખ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે કારણ કે તેમા અધિનીયમ કલમ-૧૧૮,૧૩૮ અને ૧૩૯ ના અનુમાનો સબંધિત જોગવાઈઓને અર્થઘટન કરવામાં આવે છે અને બચાવપક્ષે સદર કાયદાકીય અનુમાનોનુ ખંડન કેવી રીતે કરવુ જોઈએ તે સબબના સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે.

**(૧૨.૧)** સૌ પ્રથમ સર્વોચ્ચ અદાલતનો માનનિય ત્રણ ન્યાયાધીશોની ખંડ પીઠનો **રંગપ્પા વિ.શ્રીમોહન એ.આઈ.આર.-૨૦૧૦ એસ.સી.-૧૮૯૮** નો ચુકાદો લક્ષમા લેવો આ અદાલતને જરુરી જણાય છે. આ કેસમા નામ.સર્વોચ્ચ અદાલત સમક્ષ અધિ.ક.૧૩૯ ના અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ અને તેમાં નામ.અદાલતે અધિ.ક.૧૧૮, ૧૩૮

અને ૧૩૯ ની જોગવાઈઓ ધ્યાને લઈને ફકરા નં.૧૪ મા એવુ નોંધેલ છે કે, " in the light of these extracts, we are in agreement with th erespondent-claimant that the presumption mandated b Section 139 of the Act does indeed include the existence of a legally enforcreable debt or liability" સદર ચુકાદામાં એવુ પણ નોંધવામાં આવેલ છે કે, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of 'preponderance of probabilities'. Therefore, if the accused is able to raise a proable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. ..." નામ.સર્વોચ્ચ અદાલતનો અન્ય એક ચુકાદો જોઈએ તો, **નામ.સર્વોચ્ચ અદાલતે ટી. વસંથાકુમાર વિ. વિજયકુમારી ૨૦૧૫ ક્રિ.લો.જ.૨૮૫૩** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત કે જો ચેક અને ચેક ઉપરની સહી પુરવાર થઈ જાય અને આરોપી ધ્વારા તે બાબતે કોઈ તકરાર લેવામાં ન આવે તો કલમ−૧૩૯ નુ અનુમાન ઉપસ્થિત રહેશે.

**(૧૨.૨)** ઉપરોકત કાનુન જન્ય પ્રબંધો અને નામ.સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો લક્ષમા રાખી, ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન કરવુ જરુરી છે.

ઉપરોકત જોગવાઈઓ ધ્યાને લેતા ફલિત થાય છે કે જયાં સુધી આરોપી ધ્વારા ઉપરોકત જોગવાઈઓમાં જણાવેલ અનુમાનની વિરુધ્ધ ની હકીકત રેકર્ડ ઉપર આરોપી ધ્વારા પુરવાર કરવામાં ના આવે ત્યાં સુધી કોર્ટે એવુ અનુમાન કરવાનું રહે છે કે સવાલ વાળો ચેક તે સહી

કરનારે અવેજના બદલામાં અને તેનુ હાલનુ કાયદેસરનુ દેવું અથવા તો અન્ય જવાબદારી અદા કરવા માટે આપેલ છે. ફરીયાદીની તરફેણમાં કરવાનું રહેતું કાયદાકીય અનુમાનનુ કોર્ટ સમક્ષ સબળ અને સચોટ પુરાવાથી ખંડન કરવાની જવાબદારી ફકત અને ફકત ચેક લખનારના શીરે જ રહે છે તથા જયા સુધી તેવા અનુમાનનું ખંડન કરવામાં ના આવે ત્યા સુધી કાયદાકીય અનુમાનના કારણે આરોપી વિરુધ્ધનો બોજો કોઈ પણ સંજોગોમાં ફરીયાદી પક્ષેથી ખસી શકે નહી. વધુમાં આ તબકકે નામ.વડી અદાલત ઠરાવેલ સિધ્ધાંત મહત્વનો બને છે જે નીચે મુજબ છે.

(૧૩) આ કામે ફરીયાદીએ **આંક-૪** થી સરતપાસ સોગદનામુ રજુ કરેલ છે. આ સરતપાસ સોગંદનામામાં મુખ્યત્વે એવુ જણાવેલ છે કે, "ફરીયાદીએ અમારા "સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા " રતનપર શાખામાં પોતાના ખાતામાં આરોપીના કહેવા મુજબ સદર ચેક તા. ૨૩/૧૨/૨૦૨૪ ના રોજ ચેક જમા કરાવતા જે ચેક તા.૨૪/૧૨/૨૦૨૪ ના રોજ વસુલ થયા વગર કારણ નં. ૧ **"FUNDS INSUFFICIENT"** શેરા સાથે ફરીયાદીને પરત મળેલ છે. ત્યારબાદ ફરીથી આરોપીના કહેવા મુજબ ફરીયાદીએ તેઓના "સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા " રતનપર શાખામાં પોતાના ખાતામાં તા૧૮/૨/૨૬ ના રોજ ચેક જમા કરાવતા જે ચેક તા.૧૯/૨/૨૫ ના રોજ વસુલ થયા વગર કારણ નં.૧ **"FUNDS INSUFFICIENT" ના** શેરા સાથે ફરીયાદીને પરત મળેલ.

આ કામના આરોપીએ આપેલ ચેકનો અનાદર થતા, તે અંગે જેથી ફરીયાદીએ તા. ૨૫/૦૨/૨૦૨૫ ના રોજ લીગલ નોટીસ આપેલ છે અને જે નોટીસ તા. ૨૬/૦૨/૨૦૨૫ ના રોજ આ કામના આરોપીને બજી ગયેલ છે.આમ આ કામના આરોપીએ નોટીસ બજી ગયેલ હોવા

છતાં તેઓની રકમ ચુકવી આપેલ નથી તેમજ આરોપીએ ફરીયાદીના નાણાં આપવાની વ્યવસ્થા કરેલ ન હોઈ, આ ફરીયાદ કરવાની જરુર ઉભી થયેલ છે તેથી ફરીચાદી ધ્વારા વટાવખત અધિનીયમ–૧૮૮૧ ની(ટુંકમાં અધિનિયમ)કલમ–૧૩૮મુજબના ગુનાની ખાનગી ફરીયાદ અત્રેની અદાલતમા આરોપી વિરુધ્ધ દાખલ કરેલ છે.

(૧૪) આ કામે ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેણે જણાવેલ છે કે, '' એ વાત ખરી નથી કે આ ચેક મુજબની રકમની લેતીદેતી આરોપીના પતિ કુમારભાઈ સાથે થયેલી. એ વાત ખરી છે કે આક્ષેપીત રકમ કઈ તારીખે તથા કઈ જગ્યાએ તથા કોની હાજરીમા આપેલી તે મારી ફરીયાદ કે પુરાવાના સોગંદનામામાં જણાવેલ નથી. આરોપીના પરીવારમા ૩ વ્યકતીઓ હતા જેમા આરોપી તથા તેમના પતિ અને એક ડોશીમા હતા તેટલી મને જાણ છે. એ વાત ખરી નથી કે આરોપીના પતિ કુમારભાઈને આર્થિક જરૂરીયાત થતા મારી પાસે નાણાકીય માંગણી કરેલી. મારે વાહનની લે–વેચની દલાલીમા તથા કેટરીંગમા મહીને ૨૦ થી ૨૫ હજાર જેટલી આવક થાય છે. એ વાત ખરી છે કે કેટરીંગનો ધંધો એ સીઝનલ વેપાર ધંધો છે.એ વાત ખરી નથી કે આ ધંધો સીઝનલ હોવાથી અમુક મહીના ધંધા વગર બેસી રહેવુ પડે. હુ અપરીણીત છુ અને મારા ઘરમા મારા માતાપિતા અને હું છુ. એ વાત ખરી નથી કે ઘરની તમામ જવાબદારી ફકત મારા ઉપર છે. મારે હાલ મોબાઈલની લોન ચાલુ છે જેનો મહીને ૨૨૦૦ રૂપીયાનો હપ્તો આવે છે. આ સીવાય મારે એચ.ડી.એફ.સી ફાઈનાન્સની એક પર્સનલ લોન પણ ચાલુ છે જેની માસીક હપ્તાની રકમ ૪૦૦૦ જેટલી છે. આ સીવાય મારે માસીક ખર્ચ વધુમાં વધુ એક હજાર રૂપીયા જેટલો થાય છે. સવાલ – તમે તમારા પિતા પાસેથી મો.સા.ના પેટ્રોલના ખર્ચની રકમ લો છો ? જવાબ – મારે અને મારા પિતાની વચ્ચે એક જ મો.સા. છે જેમા મારા પિતા પેટ્રોલ પુરાવે છે. એ વાત ખરી નથી કે ઓકટોબર–૨૦૨૪મા આરોપીના પતિ દ્વારા મને રૂા.૨૭,૦૦૦/–ની ચુકવણી કરવામા

આવેલી છે. એ વાત ખરી નથી કે આ કામના આરોપીના પતિ દ્વારા પેટીએમ મારફત તા.૦૩/૧૦/૨૦૨૪ ના રોજ રૂા.૨૭,૦૦૦/– મારા સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયામાં જમા કરાવેલ છે. એ વાત ખરી નથી કે આ રૂા.૨૭,૦૦૦/–ફરીયાદવાળા ચેકની રકમની ચુકવણી પૈકીના આપેલા હતા. એ વાત ખરી છે કે હુ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયામા ખાતુ ધરાવું છું. હુ તા.૦૧/૧૦/૨૦૨૪ થી તા.૩૦/૧૦/૨૦૨૪ સુધર માર સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાના ખાતનુ સ્ટેટમેન્ટ હુ રજુ કરવા તૈયાર છુ. એ વાત ખરી છે કે નામ કોર્ટમા સોગંદ ઉપર ખોટી જુબાની આપવી તે હુ જાણુ છુ. એ વાત ખરી નથી કે આ કામના આરોપીના પતિ દ્વારા પેટીએમ મારફત તા.૦૩/૧૦/૨૦૨૪ ના રોજ રૂા.૨૭,૦૦૦/– ની ચુકવણી થયેલી હોવા છતા હુ ખોટુ જણાવુ છું. મે આરોપીને કઈ તારીખે તકરારી રકમ આપેલી તે મને યાદ નથી. એ વાત ખરી છે કે ફરીયાદ તથા પુરાવાના સોગંદનામામાં કઈ જગ્યાએ આ તકરારી રકમ આરોપીને આપેલ તે જણાવેલ નથી. હાલની ફરીયાદનો ચેક મારા બેંકના ખાતામાં ૨ વાર જમા કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે આંક–૧૩ થી રજુ નોટીસમા મારી સહી નથી. એ વાત ખરી નથી કે આંક–૧૩ વાળી નોટીસમા મારી સહી ન હોવાથી આ નોટીસ કઈ બાબતની હતી તે હુ કહી શકુ નહી. મારુ સેન્ટ્રલ બેંકમા એકાઉન્ટ નથી પરંતુ બેંકનુ નામ સમજવામા મારી ભુલ થઈ હોવાથી મેં અગાઉ એસ.બી.આઈ ની જગ્યાએ સેન્ટ્રલ બેંક જણાવેલ છે. મારે એકમાત્ર ખાતુ એસ.બી.આઈમા જ છે. એ સીવાય બીજી કોઈ બેંકમા મારુ ખાતુ નથી. એ વાત ખરી છે કે મારા એસ.બી.આઈ ના ખાતામાથી મે આરોપીના પતિના ખાતામા તા.૦૩/૧૦/૨૦૨૪ ના રોજ રૂા. ૨૭,૦૦૦/– જમા કરાવેલા છે. એ વાત ખરી નથી કે ઓકટોબર–૨૦૨૪માં આરોપીની સાથે મારે કોઈ ફરીયાદવાળા વ્યવહારની લેતીદેતી થયેલ નથી પરંતુ આરોપીના પતિની સાથે વ્યવહાર થયેલ હતો. એ વાત ખરી નથી કે મારે હાલના આરોપી સાથે કોઈ જ લેતીદેતી થયેલ ન હોવા છતા આંક – ૧૦ થી રજુ ચેક ખોટીરીતે બેંકમા જમા કરાવી તેને ખોટી રીતે આંક–૧૧ તથા ૧૨ વાળો ચેકનો રીર્ટન મેમો

મેળવેલ છે. એ વાત ખરી નથી કે મારા એસ.બી.આઈના ખાતાના સ્ટેટમેન્ટ મુજબ આરોપીને ફરીયાદવાળી રકમ આપવા આર્થિક રીતે સક્ષમ નથી. એ વાત ખરી નથી કે આંક–૧૦ થી રજુ ચેક મે આરોપીના પતિ કુમારભાઈ પાસેથી મેળવેલ હતો. એ વાત ખરી નથી કે આંક–૧૦ વાળા ચેકમા આરોપીની સહી નથી. એ વાત ખરી નથી કે આંક–૧૩ વાળી નોટીસ આરોપીને બજેલ નથી. એ વાત ખરી નથી કે મારે આરોપી પાસે કોઈ લેણી રકમ લેવાની નીકળતી ન હોવા છતા હાલની ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

આમ, ઉપરોકત આરોપીપક્ષે પોતાના બચાવ મુજબ કરેલ દલીલ ધ્યાને લેતા જે આ કામે બચાવપક્ષે ફરીયાદીની આર્થિક સધ્ધરતા બાબતે પ્રશ્ન પુછેલ છે અને કઈ જગ્યાએ કઈ તારીખે તકરારી રકમ આપેલ તે જણાવેલ નથી  જેથી ફરીયાદીનુ આરોપી પાસે કોઈ કાયદેસરનુ લેણુ નથી અને આરોપીને ફરીયાદી સાથે કહેવાતો કોઈ વ્યવહાર થયેલ નથી કે ફરીયાદી કહેવાતી ચેકની રકમ આપવા સક્ષમ નથી, નોટીસ  આરોપીને મળેલ નથી  જેથી  આ કામે રજુ થયેલ પુરાવા ના આધારે ફરીયાદીને આરોપીએ કાયદેસરના લેણાનો ચેક આપેલ હોવાની હકીકતનુ ખંડન બચાવપક્ષ કરવામાં સફળ થયેલ હોવાની દલીલ કરી આરોપીને નીર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

પંરતુ  જયારે આ કામે ફરીયાદપક્ષની આંક–૪ ની ઉલટ તપાસમાં  તેઓને વાહનની લે વેચની દલાલી તથા કેટરીંગમાં મહીને ૨૦ થી ૨૫ હજાર જેટલી આવક થતી હોવાનુ જણાવે છે વધુમાં ફરીયાદીની ઉલટ તપાસમાં તા.૩/૧૦/૨૦૨૪ ના રોજ  ફરીયાદીએ આરોપીના પતિના ખાતામાં ૨૭,૦૦૦/– જમા કરાવેલ હોવાની હકીકત નીકળી આવેલ છે. જેથી ફરીયાદી પાસે ફરીયાદ મુજબની રકમ આપવા માટે કોઈ આર્થીક રીતે સક્ષમ નથી તેવી હકીકતો માની શકાય

નહી. વધુમા આ કામે આરોપી તરફે ફરીયાદીની નોટીસનો કોઈ જવાબ આપેલ નથી.વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતના પ્રસીધ્ધ ચુકાદામાં પવન દીલીપ રાઓ વિ. વીશાલ નરેન્દ્દકુમારના એ.આઈ.આર ઓનલાઈન ૨૦૧૯ એસ.સી પેજ નં ૭૬૦ ના ઠરાવ્યા મુજબ દેવાનુ અસ્તીત્વ સાબીત કરવા માટે વધુ પડતો ભાર ફરીયાદી પર મુકી શકાય નહી. આમ ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા પણ ચેકની રકમની સધ્ધરતા બાબતે આરોપી તરફે લીધેલ બચાવ માનવા પાત્ર નથી.

આ ઉપરાંત 2021 (0) AIJEL-SC 66998 પર પ્રસિધ્ધ થયેલ ના Kalamani Tex Versus P.Balasubramanian ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત નજર સમક્ષ રાખતા તેમાં નામદાર સર્વોચ્ચ અદાલત ઠરાવ્યા મુજબ such presumptions raised u/s. 118 and S. 139 are rebuttable in nature - a probable defence needs to be raised, which must meet the standard of **"preponderance of probability", and not mere possibility** - bare denial of passing of consideration would not aid the case of accused - even a blank cheque leaf, voluntarily signed and handed over by accused, which is towards some payment, attract presumption u/s. 139, in absence of any cogent evidence to show that cheque was not issued in discharge of debt

આમ, ઉપરોકત ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી ધ્વારા લેવામાં આવેલ બચાવ પ્રબળ સંભાવનાના ધોરણો પુર્ણ કરતી હોવી જોઈએ માત્ર શકયતાઓ નહી, કોઈ વ્યકિતએ પોતાની સહી કરીને ચેક આપેલ હોય અને તે પુરાવાના

આધારે તેની સામેના અનુમાનોનુ ખંડન ન કરે તો તેવા કિસ્સામા આવો ચેક કાયદેસરના લેણા/જવાબદારી પેટે આપેલ હોવાનુ માનવાનુ કારણ રહેલ છે.

ફરીયાદ પક્ષ ધ્વારા રજુ થયેલ પુરાવો તેમજ આગળ ચર્ચા કરેલ કાયદાના સિધ્ધાંતો જોવામા આવે તો, સૌ પ્રથમ ફરીયાદી ચેકનુ એકઝીકયુશન પુરવાર કરે તો તેઓની તરફેણમા કલમો ૧૧૮ અને ૧૩૯ નું અનુમાન ઉપસ્થિત થાય અને અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે જાય.

વધુમાં ઉપર ચર્ચા કર્યા મુજબ અને ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોતા, વાદગ્રસ્ત ચેક આરોપીના ખાતાનો છે અને એકઝીકયુશન પણ પુરવાર થાય છે આ કામે આરોપીની ચેકમાં સહી ન હતી કે તે ચેક આપેલ ન હતો તેવી કોઈ હકીકતોનુ ખંડન થયેલ નથી. ત્યારે આરોપી એ ચેક ફરીયાદીને કાયદેસરના લેણા પેટે ચુકવવા આપેલ તેવુ કાયદાકીય અનુમાન ફરીયાદીની તરફેણમાં ઉપસ્થિત થશે. ફરીયાદી ની તરફેણમાં ઉપસ્થિત થતા સદર કાયદાકીય અનુમાન આરોપીએ સચોટ અને સબળ પુરાવાથી ખંડન કરવાનુ રહે અને જો તેમા આરોપી નિષ્ફળ રહે તો ફરીયાદીનો કેસ પુરવાર માનવાનુ રહે છે.

પ્રસ્તુત કેસમા ફરીયાદીનો પુરાવો વંચાણે લેવામા આવે તો, ફરીયાદીની તરફેણમા થયેલ કલમ-૧૧૮, ૧૩૯ ના અનુમાનનું બચાવપક્ષ ખંડન કરી શકેલ નથી તેમજ આરોપી પોતાનો બચાવ પણ પુરવાર કરી શકેલ નથી. ફરીયાદીએ હાલની ફરીયાદ સમય મર્યાદામાં દાખલ કરેલ છે.

આમ, ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવો વંચાણે લેતા, અત્રેની અદાલત એવા તારણ પર આવે છે કે, ફરીયાદ

હકીકત મુજબ ફરીયાદીએ આ કામના આરોપીને નાણાકીય જરૂરીયાત ઉભી થતા રૂા. ૮૦,૦૦૦/– હાથ ઉછીના આપેલા. તે નાણાંની પરત ચુકવણી બદલ આરોપીએ ફરીયાદીને આંક–૧૦ થી રજૂ ફરીયાદવાળા ચેક આપેલ જે વણ ચુકવ્યે પરત થયેલ છે. આ તબકકે **રાજેશ જૈન વિરુધ્ધ અજયસિંગ ૨૦૨૩(૦) એ.આઈ.જી.ઈ.એલ.એસ. સી.૭૨૫૮૮** ના ચુકાદાના સિંધ્ધાતને ધ્યાને લેતા, ફરીયાદીનું આરોપી પાસે કોઈ કાયદેસરનું લેણું નથી એ પુરવાર કરવાની જવાબદારી આરોપીની રહેલ છે અને આરોપીએ આ હકીકત પ્રિપોન્ડરસ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંત આધારે સાબીત કરવાનું હોય છે પરંતુ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ રેકર્ડ ઉપરના પુરાવાથી આરોપી તરફે આ હકીકતનું ખંડન આરોપી પક્ષે કરવામાં નિષ્ફળ ગયેલાનું આ કોર્ટનું માનવુ છે.

આથી અદાલત એવા તારણ પર આવે છે કે, આ કેસમાં આરોપી વિરુધ્ધ અધિનીયમ કલમ–૧૩૮ ના ગુનાના તમામ જરુરી તત્વો આકર્ષિત અને પુરવાર થયેલ છે અને આરોપીએ અધિનીયમની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે તે નિ:શંકપણે પુરવાર થાય છે. આથી મુદા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(૧૬) મુદા નં.૨ :–**

ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા તેમજ મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામા આવેલ હોય, અત્રેની અદાલત આરોપીને ધી.નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવે છે.

નામદાર સર્વોચ્ચ અદાલતે **આર. વિજયન વિ.બેબી ૨૦૧૧ જેટી (૧૩) ૩૯૧** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ આ પ્રકારના કેસમા ફરીયાદીને યોગ્ય વળતર આપવુ જોઈએ કે જેથી

તેઓને યોગ્ય વળતર મેળવવા માટે અન્ય ન્યાયિક પ્રક્રિયાનો સહારો ન લેવો પડે. આ ઉપરાંત એ હકીકત પણ ધ્યાનમા રાખવી યોગ્ય અને વ્યાજબી છે કે આ પ્રકારના કેસ ચાલતા જે સમય પસાર થાય તેમા દિવાની કાર્યવાહી અથવા તો દાવાની સમય મર્યાદા પણ વીતી જતી હોય છે અને સંજોગોમાં ફરીયાદી પાસે યોગ્ય વિકલ્પ પણ આવી રકમ વસુલ કરવા માટે રહેતો નથી. આમ, આ કેસની તમામ હકીકતો, નામ.સર્વોચ્ચ અદાલત ધ્વારા પ્રસ્થાપિત કરવામા આવેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ આરોપી વિરુધ્ધ કલમ–૧૩૮ મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર થયેલ હોય, તે હકીકત ધ્યાને લેતા અત્રેની અદાલતને ફરીયાદીને યોગ્ય વળતર આપવાનો હુકમ કરવો પણ વ્યાજબી અને ન્યાયોચીત જણાય આવે છે. ફરીયાદીના વિ.વ.શ્રી હાજર છે આરોપીનો અવારનવાર પોકાર કરતા હાજર નથી કે મુકતી રીપોર્ટ આપેલ નથી. જેથી આરોપીની ગેરહાજરીમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: <u>આખરી હુકમ</u> ::–**

(૧) આથી, આ કામના આરોપી પાલવાણી સીમાબેન કુમારભાઈ, ઉ.વ.આ–૪૧ ધંધો–સાડીનો વેપાર તથા ઘરકામ, રહે. રાઠોડ ચાલી, ડી.એન.ટી. હાઈસ્કૂલ પાસે, મુ. જોરાવરનગર, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગરનાઓને ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ–૨૭૮ (૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાં દોષિત ઠરાવી **૧ વર્ષની** સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા,૨૦૨૩ ની કલમ–૩૯૫ (૩) અન્વયે ચેકની કુલ રકમ **રૂા. ૮૦ ,૦૦૦/– (અંકે રૂપીયા**

**એસી હજાર પુરા)** આ કામના ફરીયાદીને વળતર તરીકે આ હુકમ તારીખથી એક માસમાં ચુકવી આપવી વિકલ્પે આ રકમ અદાલતમાં જમા કરાવવી. આરોપી વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ **૧ (એક) માસની** સાદી કેદની સજા અલગથી ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપી સજા અંગેનો ચુકાદો સંભળાવતા સમયે ગેરહાજર રહેલ હોઈ, આરોપી ગેરહાજર રહેલ હોય અને તેમની હાજરી ડીસ્પેન્સ વીથ કરેલ ન હોય તે સંજોગોમા આરોપી ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ-૪૦૪(૧)અનુસાર સદર ઠરાવની નકલ વિના મુલ્યે મેળવવા હકકદાર ઠરતા નથી અને આરોપી વિરુધ્ધ સજાની અમલવારી સારુ નોન બેલેબલ વોરંટ ઈસ્યુ કરવુ.

હુકમ આજરોજ તારીખ : ૦૯ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : સુરેન્દ્રનગર.
તારીખ : ૦૯/૦૩/૨૦૨૬.

(જીજ્ઞેશકુમાર સુરેશભાઈ પંચાલ)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ અને
એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર(જજ કોડ નં. GJ-00989)